આર.પી.એ.ડી.

ક્રમાંક-ઉપધ-૧૦૨૦૧૪-૨૧૫૪(૧)-ડ
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ- ૦૬/૦૪/૨૦૧૬

પ્રતિ,
વિકાસ કમિશ્નરશ્રી,
વિકાસ કમિશ્નરશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયતની કચેરી,
તમામ જિલ્લા પંચાયત.

વિષય- ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત, પૂર્તતા અને માર્ગદર્શનના કેસ વિભાગમાં રજુ કરતાં, ચેકલીસ્ટ સાથે આધાર સહ માહિતી મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે નાણા વિભાગના ઠરાવની જોગવાઇ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત સરકારમાં રજુ કરવામાં આવે છે. તેની સાથે સામેલ ચેકલીસ્ટ મુજબની તમામ વિગતો સામેલ કરી વિકાસ કમિશ્નરશ્રી મારફતે મોકલવા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સુચનાઓ આપવામાં આવે છે. સદર ચેકલીસ્ટ વિભાગની વેબસાઇટ (WWW.PANCHAYAT.GUJARAT.GOV.IN/PANCHAYATVIBHAG/E-CITIZEN-SARKARI-THARAVO-1.HTM#D-BRANCH) ઉપર મુકવામાં આવેલ છે.

ઉચ્ચતર પગાર ધોરણના રજુ કરેલ કેસો અન્વયે વિભાગ દ્વારા માંગવામાં આવેલ પૂર્તતાના કેસોમાં પણ આ ચેકલીસ્ટ મુજબની માહિતી મોકલી આપવા વિનંતી છે. આ અંગેની તમામ તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા આજ્ઞાનુંસાર વિનંતી છે.

આ બાબત નાણાકીય જોગવાઇઓને લાગુ પડતી હોઇ, સુચનાઓનું પાલન થાય તે બાબત દરેક કચેરીના સક્ષમસત્તાધિકારીશ્રીને જણાવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(જે.એ.પરમાર)
સેકશન અધિકારી
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

બિડાણ- ઉપર મુજબ.

નકલ રવાના-

- સિસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી.શાખા, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, તરફ વેબસાઇટ પર મુકવાની સત્વરે કાર્યવાહી કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રા. વિ. વિભાગમાં ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત /માર્ગદર્શન અંગે સેવાકીય વિગતો દરખાસ્ત સાથેનું ચેકલીસ્ટ તા.૬-૪-૨૦૧૬ અને ના.વિ.ના તા.૩-૮-૧૩ના ઠરાવ મુજબ રજુ કરવાનું ચેકલીસ્ટ.

| ક્રમ | વિગત | માહિતીની વિગત | સેવાપોથી/દરખાસ્ત ના પેજ નંબર. |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું નામ, હાલનો હોદ્દો, પગાર ધોરણ અને જિલ્લા પંચાયતનું નામ (પે ફીકશેસનની નકલ) | | |
| ૨ | જન્મ તારીખ અને નિવૃતિની તારીખ | | |
| 3 A | મૂળ નિમણુંકની તારીખ સંવર્ગ પગાર ધોરણ અને જિલ્લા પંચાયત (નિમણુકના હુકમની નકલ અને તેના ભરતી નિયમો) | | |
| 3 B | નિયત પૂર્વ સેવા તાલીમની તારીખ અને પરીક્ષા પાસ કર્યા તારીખ અને ભોગવેલ તકની વિગત. (પરિણામની નકલ) | | |
| ૩ C | હિન્દી પરીક્ષા પાસ કર્યા/મુક્તિ મળ્યા અંગે સેવાપોથીમાં નોંધ કરેલ છે ? (હુકમના નંબર અને તારીખ) | | |
| ૪ A | આર.ઓ.પી.૮૭ મુજબનું પગાર ધોરણ, કઇ તારીખથી અને નિયત થયેલ પગાર. (પગારનું વર્ષ વાઇઝ પત્રક) | | |
| ૪ B | આર.ઓ.પી.૯૮ મુજબનું પગાર ધોરણ, કઇ તારીખથી અને નિયત થયેલ પગાર. (પગારનું વર્ષ વાઇઝ પત્રક) | | |
| ૪ C | આર.ઓ.પી.૨૦૦૯ મુજબનું પગાર ધોરણ, કઇ તારીખથી અને નિયત થયેલ પગાર. (પગારનું વર્ષ વાઇઝ પત્રક) | | |
| ૪ D | કર્મચારીને મૂળ સંવર્ગના પગાર ધોરણ સામે ઉપલા સંવર્ગનું કોઇ પગાર ધોરણ સુધારવામાં આવેલ છે કે કેમ? અને મૂળ સંવર્ગના પગાર ધોરણ સામે ઉપલા સંવર્ગનું કોઇ ઉચ્ચતર પગાર ધોરણ સુધારવામાં આવેલ છે કે કેમ? હા તો આધાર પુરાવા સાથેની વિગત. | | |
| ૫ A | પગાર બ્લોક થયેલ છે કે કેમ ? કયા પગાર ધોરણમાં. | | |
| ૫ B | નિમણૂકના કિસ્સામાં ડીમડેઇટ આપેલ હોય તો ડીમડેઇટની તારીખ. | | |
| ૫ C | કઇ તારીખથી આંતર જિલ્લા ફેરબદલીથી આવેલ છે, હા તો તેની વિગતો. (તારીખ અને જિલ્લા પંચાયત સાથે) | | |
| ૫ D | ફાજલ થઇ પુનઃ નોકરીમાં સમાવેશ થયેલ હોય તો તેની વિગત. (સ્પષ્ટતા સહીત કાગળો) | | |
| ૬ A | ૯ વર્ષનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળ્યા તારીખ, પગાર ધોરણ અને સંવર્ગ./તેના ભરતી નિયમો (ઉ.પ.ધો.ના હુકમ/પે ફીકશેસનની નકલ.) | | |
| ૬ B | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ એકાંકી જગ્યાનું મંજુર કરવામાં આવેલ છે કે બઢતીની જગ્યાનું તેની વિગત. | | |
| ૬ C | પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણના સમયે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત થયેલ છે કે કેમ? ખાતાકીય પરીક્ષા ક્યારે પાસ કરી? ભોગવેલ તકની વિગત. | | |
| ૬ D | ના.વિ.ના તા.૧૬-૮-૯૪ના ઠરાવની જોગવાઇના પારા ૩(૫) મુજબ પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખથી મંજુર કરવામાં આવેલ છે તે અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ.? | | |
| ૬ E | પ્રથમ ઉ.પ.ધો.ના સમયે વિકલ્પ આપેલ છે કે કેમ? મૂળ પાત્રતા | | |

| | | | |
|---|---|---|---|
| | તારીખ અને વિકલ્પ મુજબ પાત્રતા તારીખ. | | |
| ૭ A | બઢતી મળેલ હોય તો બઢતીનો હોદ્દો અને પગાર ધોરણ. (હુકમ/પે ફીકશેસનની નકલ) | | |
| ૭ B | બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો તેની સંપૂર્ણ વિગત. | | |
| ૮ A | તા.૧-૧૦-૨૦૦૬ પછી ઉ.પ.ધો. મળવાપાત્ર હોય તો CCC/ CCC+ પરીક્ષા પાસ કર્યા તારીખ. (જાહેરનામાની નકલ) | | |
| ૮ B | સા.વ.વિભાગના તા.૨૦-૦૬-૨૦૧૫ અને તા.૨૨-૦૭-૨૦૧૩ના પરિપત્ર મુજબ ૫૦/૫૫ વર્ષે મુક્તિ અન્વયે CCC/ CCC+ પરીક્ષા પાસ કર્યાની સેવાપોથીમાં નોંધ કરી મુક્તિના હુકમની નકલ રજુ કરેલ છે કે કેમ? | | |
| ૯ A | નોકરી દરમ્યાન પડેલ સેવાતૂટની વર્ષવાર માહિતી, જો તૂટ જોડી આપેલ હોય તો હુકમની નકલ. | | |
| ૯ B | કોઇ ખાતાકીય તપાસના અનુંસંધાનમાં શિક્ષા થયેલ છે કે કેમ? | | |
| ૯ C | કોઇ ખાતાકીય તપાસ ચાલુ, પડતર કે સૂચિત છે કે કેમ? સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ? | | |
| ૧૦ A | ભવિષ્યની અસર સાથે કે ભવિષ્યની અસર શિવાય ઇજાફા અટકાવવામાં આવેલ છે? હા કે ના. | | |
| ૧૦ B | કોઇ બીન પગારી રજાઓ ભોગવેલ છે કે કેમ? વર્ષવાર માહિતી/સમયગાળો અને હુકમની નકલ. સક્ષમ સત્તાધિકારીશ્રી નું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ? | | |
| ૧૧ A | ના.વિ.ના.તા.૧૬-૮-૯૪ના ઠરાવની અનુસૂચિઓ સામેલ છે કે કેમ? | | |
| ૧૧ B | ના.વિ.ના.તા.૦૨-૦૭-૦૭ના ઠરાવની અનુસૂચિઓસામેલ છેકે કેમ? | | |
| ૧૧ C | ના.વિ.ના.તા.૧૪-૯-૦૭ના ઠરાવની અનુસૂચિઓ સામેલ છે કે કેમ? | | |
| ૧૨ A | બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત થયેલ છે કે કેમ? કયારે અને કેટલી તકે પાસ કરી. (ના.વિ.ના તા.૧૨-૮-૦૮ અને તા.૩-૧૨-૦૯ના ઠરાવની જોગવાઇ મુજબ સ્પષ્ટતા સાથે) | | |
| ૧૨ B | ના.વિ./સા.વ.વિ.ની સુચનાઓ મુજબ/ખાતાકીય પરીક્ષાઓ નિયત થયેલ નથી તે અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ ? | | |
| ૧૩ A | જગ્યા એકાંકી છે કે કેમ? તા.૧-૬-૮૭ના રોજ એકાંકી હતી કે કેમ? તા.૧-૬-૮૭ના રોજ અમલમાં હોય તે તથા અત્યાર સુધીના ભરતી નિયમો. અને જગ્યા એકાંકી હોય તો સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ?. | | |
| ૧૩ B | કોઇ સંવર્ગમાં બઢતી મળવાપાત્ર છે કે કેમ? તેનું મહેકમ મંજુર થયેલ છે કે કેમ? તેમજ બઢતીનો રેખા ચાર્ટ/નોકરીની સેવાકીય વિગતો અને પગાર ધોરણ. | | |
| ૧૪ A | બીજું ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ સુધીના છેલ્લા ૫ વર્ષના ખાનગી અહેવાલ. તા. થી તા. સુધીના.(પૂર્ણાંક વર્ષમાં) | | |
| ૧૪ B | સક્ષમ સત્તાધિકારીશ્રી નું ખાનગી અહેવાલના મુલ્યાંકનનું પત્રક અને પ્રમાણપત્ર સામેલ છે કે કેમ? | | |
| ૧૫ A | વર્ગ-૨ સંવર્ગનું ઉ.પ.ધો. મંજુર કરવા ના.વિ.ના ઠરાવની | | |

| | | | |
|---|---|---|---|
| | જોગવાઇઓ સંતોષે છે કે કેમ? હા. તો સક્ષમ સત્તાધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય સામેલ છે કે કેમ?. | | |
| ૧૫ B | ના.વિ.ના કયા ઠરાવ મુજબ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળ્યા તા....ના ૧૫ વર્ષ બાદ ૨૪ વર્ષનું બીજું ઉ.પ.ધો. કયા સંવર્ગનું કયા પગાર ધોરણમાં તા.... થી મળવાપાત્ર છે ? | | |
| ૧૬ A | સેવાપોથીમાં તમામ વિગતોની નોંધ કરવામાં આવેલ છે તે મતલબનું સેવાપોથીના છેલ્લા પાને કચેરીના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે કે કેમ ? | | |
| ૧૬ B | ના.વિ.ની સુચનાઓ મુજબ ડુપ્લીકેટ સેવાપોથી નિભાવેલ છે કે કેમ ? હા કે ના. | | |
| ૧૭ A | બઢતીની જગ્યાના અને બઢતીના માળખામાં દર્શાવેલ તમામ જગ્યાના પગાર ધોરણ અને ભરતી નિયમો. | | |
| ૧૭ B | કર્મચારીને નિમણુંકના સમયથી બઢતીની જગ્યાના ભરતી નિયમો સાથે સુસંગત થાય છે કે કેમ?. સક્ષમ સત્તાધિકારી નો સ્પષ્ટ અભિપ્રાય સામેલ છે કે કેમ? | | |
| ૧૮ | બઢતીની જગ્યામાં કેટલી પૂરક જગ્યાઓ છે ? અને તેના પગાર ધોરણ. | | |
| ૧૯ A | ઉ.પ.ધોરણ સબંધિત આ સંવર્ગમાં કોઇ કોર્ટ કેસ થયેલ છે કે કેમ? હા કે ના. (કોર્ટ કેસ થયેલ હોય તો તેના આદેશના હુકમ સાથે આધાર સહિત વિગત) | | |
| ૧૯ B | ઉ.પ.ધોરણ સબંધિત કોઇ માર્ગદર્શન/અભિપ્રાય માંગવામાં આવેલ છે કે કેમ ? (તેની આધાર સહિત વિગત.) | | |
| ૨૦ | ના.વિ.ના તા.૧૮-૨-૧૧ના ઠરાવ મુજબ દ્વિતીય ઉ.પ.ધો. તથા તા.૨-૭-૨૦૦૭ના ઠરાવ મુજબ દ્વિતીય ઉ.પ.ધો. મળવાપાત્ર તારીખ અને ઇજાફાની તારીખ. | | |
| ૨૧ | નાણા વિભાગના ઠરાવના કયા મુદ્દા અંગે માર્ગદર્શન ની જરૂર છે તેની ટૂંકમાં વિગત. અને ખાતાના વડાનો સ્પષ્ટ અભિપ્રાય. | | |
| ૨૨ A | ના.વિ.ના તા.૨-૭-૦૭ના ઠરાવના નિયમ ૧૨ હેઠળ તાબાની કચેરીએ દરખાસ્ત/પૂર્તતાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ છે કે કેમ? | | |
| ૨૨ B | નાણાકીય કેસ અન્વયે ખાતાના વડા, વિકાસ કમિશ્નરશ્રી ગાંધીનગરની કચેરી મારફતે ચકાસણી કરાવી, સ્પષ્ટ અભિપ્રાય સાથે સ્વયંસ્પષ્ટ દરખાસ્ત વિભાગને મોકલવાની રહેશે. | | |
| નોંધ- | સબંધિત કર્મચારીને ઉ.પ.ધો. મંજુર કરવા અંગેના નિયત ચેકલીસ્ટમા દર્શાવેલ વિગતો/માહિતી " અધુરી કે માહિતી દર્શાવેલ નહીં હોય " તેવા કિસ્સામા દરખાસ્ત રજૂ કરનાર સત્તાધિકારીશ્રી વિચારણા હેઠળની બાબતે સંમત છે તેમ માની કાર્યવાહી કરવામાં આવશે, તો તે અંગેની જવાબદારી રજૂ કરનાર સક્ષમસત્તાધિકારીશ્રીની રહેશે જે ધ્યાને લેવા વિનતી. | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની વિગતો અન્વયે શ્રી .................................. હોદો ..................... ની દરખાસ્ત, સેવા/નોકરી અને સેવાપોથીની વિગતો પરથી ખાત્રી કરી, આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળઃ- સહીઃ-

તારીખઃ- કચેરીનો સિક્કો કચેરીના અધિકારીશ્રીનું નામ અને હોદો

જિલ્લા વિકાસ અધિકારીની સહી

જિલ્લા પંચાયત- ..................